# Student Achievements/ Awarded under SSIP

| Sr No. | Year | Event name | State/National | Location | Participation | Date/Month | Any special achivement |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Sept-2020 | Engineers Day Celebration | College | Online and Award was givent to Innovator of the campus (3) Emerging startup (1) Patent file (1 team) Ideathon winner (2), Youngest participant in Ideathon (1) | 184 | 15/09/2020 | NAILESH PARMAR WAS SELECTED AS Innovator of the campus |
| 2 | Nov-2020 | Toy Innovation challenge | state | Online | 32 | 05/11/2020 | 1st prize 1000/- (5th EE)(NAILESH PARMAR) |
| 3 | Sept-2020 | IDEA THON EVENT | Institute level event | GP Palanpur (online) | | 15-09-2020 | 2ND RANK AND GET 500/- RS PRIZE (WASIM MANASIYA) |

## ➢ Institute Awards & Achievements

### SSIP Grantees Performance Analysis Dec-2020

Government Polytechnic Palanpur achieved Performance **Category A** with **Rank number 30** among all state Government/Private universities and Government/self finance institutes.

According to SSIP Grantees Performance Analysis list we **achieved 3rd rank** among all Government Engineering and Polytechnic Institutes.

Patent file till date:

3 patent filing done and 1 patent filing process going on by students under SSIP








2019/9/26 11:21





દિવ્ય ભાસ્કર
06-Apr-2020
પાલનપુર Page 1

**શોધ** | પાલનપુરના શિક્ષકે 8 કિલોગ્રામ વજન ઉંચકી શકે તેવો 3 હજારના ખર્ચે સ્વદેશી રોબોટ બનાવ્યો

# કોરોના સંક્રમિત વ્યક્તિને વ્હીલ્ડ રોબોટ દવા આપશે

પ્રકાશ જશલેણીયા | પાલનપુર

કોરોના સંક્રમિત વ્યક્તિથી સલામત અંતર રાખી અને કોરોનાથી ચેપગ્રસ્ત વ્યક્તિને ખોરાક, પાણી અને દવાઓ, કપડાં સહિતની ચીજવસ્તુઓ પહોંચાડી શકે તેવો સ્વદેશી વ્હીલ્ડ રોબોટ પાલનપુરના શિક્ષકે બનાવ્યો છે.

કોરોનાગ્રસ્ત વ્યક્તિથી સલામત અંતર રાખવા માટે સરકાર દ્વારા વારંવાર સૂચનો કરાય છે. જોકે લોકોમાં પણ હવે કોરોનાનો ભય ઉભો થયો છે. જેથી કોરોના સંક્રમિત વ્યક્તિથી સલામત અંતર રાખવા લાગ્યા છે. કોરોનાને પગલે ચીનથી રોબોટ સહિતની તમામ સામગ્રી આયાત કરવાનુ બંધ કરી દેવાયું છે. આ બધા વચ્ચે પાલનપુર વિદ્યામંદિરમાં સાયન્સ કલબમાં ટેકનીકલ શિક્ષક તરીકે સેવા આપતાં હિતેન પટેલે સ્વદેશી વ્હીલ્ડ રોબોટ બનાવ્યો છે. જે 8 કિલોગ્રામ સુધીનો સામાન ઉંચકી શકે છે અને કોઈપણ જગ્યાએ પહોંચાડે છે. હિતેન પટેલે આ વિશે જણાવ્યું હતું કે 'મુખ્યતો કોરોનાના માહોલને જોઈને જ મને આ વ્હીલ્ડ રોબોટ બનાવવાનો વિચાર આવ્યો હતો કે જે સ્વદેશી પણ હોય અને સસ્તો હોય. આ વ્હીલ્ડ રોબોટને મોબાઈલથી ઓપરેટ કરી શકાશે અને વ્હીલ્ડ રોબોટ પર લાગેલા બીજા મોબાઈલથી વ્હીલ્ડ રોબોટનું લાઈવ લોકેશન મળી રહેશે. તેમજ વ્હીલ્ડ રોબોટ સાથે લાગેલા મોબાઈલ કેમેરાથી લાઈવ વિડીયો મેળવી દર્દીની ગતિવિધીઓ પણ વ્હીલ્ડ રોબોટ ઓપરેટરના મોબાઈલમાં જોઈ શકાશે. રોબોટ વાઈફાઈ અને ઈન્ટરનેટ કનેક્ટિવીટી હોય તેવા દરેક એરીયામાં કાર્ય કરી શકે છે. સપ્તાહની મહેનત બાદ રોબોટ તૈયાર કર્યો છે.'



પાલનપુર વિદ્યામંદિરમાં સાયન્સ કલબમાં ટેકનીકલ શિક્ષક તરીકે સેવા આપતાં હિતેન પટેલે સ્વદેશી વ્હીલ્ડ રોબોટ બનાવ્યો છે.તસવીર-ભાસ્કર

## રોબોટ બનાવવા કયા સાધનો વપરાયા

- મોટર ડ્રાઈવર (જે વ્હીલ્ડ રોબોટને હલન-ચલન અને દિશા બદલવા સહિત રોકવા અને ચાલવાનું કામ કરે છે)
- 12 વોટ લીથીયમ પોલીમર બેટરી (જે મોટર ડ્રાઈવરને જરૂરી પાવર પુરો પાડવાનું કામ કરે છે)
- ઈન્ટરનેટ કનેક્ટિવીટી ડિવાઈસ (જે વ્હીલ્ડ રોબોટની ઉપર લગાવેલા મોબાઈલ તેમજ વાઈફાઈ કનેક્ટિવીટીનું કામ કરે છે.)

## વ્હીલ્ડ રોબોટ પાછળ રૂ.3 હજારનો ખર્ચ

મોટર ડ્રાઈવર-રૂ.500, 2 મોટર રૂ.1200, વ્હીલ રૂ.100, મોબાઈલ સ્ટેન્ડ રૂ.100, બેટરી રૂ.750, ઈન્ટરનેટ કનેક્ટિવીટી ડિવાઈસ રૂ. 350 મળી કુલ રૂ. 3000 નો ખર્ચ

દિવ્ય ભાસ્કર
13-Apr-2020
પાલનપુર Page 1

**શોધ** | દર્દીને અપાતા ઓક્સિજનની માત્રા વધુ કે ઓછી હશે તો મોબાઇલમાં એલર્ટ આવશે

# પાલનપુરના છાત્રોએ રૂ.3660ના ખર્ચે વેન્ટિલેટર ડિઝાઇન કર્યું

## વેન્ટિલેટરને મોબાઇલથી ઓપરેટ કરી શકાશે

ભાસ્કર ન્યૂઝ | પાલનપુર

કોઈપણ વ્યક્તિ કુદરતી શ્વાસ લેવા સક્ષમ ન હોઈ ત્યારે તેને કૃત્રિમ શ્વાસ આપવા માટે વેન્ટિલેટરનો ઉપયોગ કરાય છે. જોકે વેન્ટિલેટર બહુ મોંઘા હોવાના કારણે મોટા દવાખાનામાં જ તેની સગવડ હોય છે. જેને લઈ પાલનપુરના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ નાના દવાખાનામાં પણ ઉપલબ્ધ કરાવી શકાય તે પ્રકારના માત્ર સાડા ત્રણ હજારના ખર્ચે બનાવી શકાય તેવા વેન્ટિલેટરની ડીઝાઈન વિકસાવી છે.

કોરોનાને લઈ સમગ્ર વિશ્વમાં ભય ફેલાયો છે. કેટલાક દેશોમાં



પુરતા વેન્ટિલેટર ન હોવાના કારણે દર્દીઓ મોતને ભેટે છે. ભારતમાં પણ જો કોરોનાનો ચેપ વધે અને વધુ વેન્ટિલેટરની જરૂર પડે તો શું કરવું તે આઈડીયા પર કામ કરતા પોલીટેકનિક કોલેજના પ્રો.બ્રિજેશ પટેલ અને તેમના વિદ્યાર્થીઓ વસીમ મનેસીયા અને હિતેન પટેલે માત્ર સાડા ત્રણ હજાર રૂપિયામાં બનાવી શકાય તેવા વેન્ટિલેટરની ડિઝાઈન વિકસાવી છે.

## વેન્ટિલેટર આ રીતે કામ કરશે

બેગ વાલ્વ માસ્ક (બી.વી.એમ.) જે અંબુ બેગ તરીકે ઓળખાય છે. જે સામાન્ય રીતે દર્દીને કૃત્રિમ શ્વાસ આપવા મેન્યુઅલી વપરાય છે. જોકે આ ઉપકરણમાં બેગ વાલ્વ માસ્ક ઓટોમેટીક ઓપરેટ થશે અને ડોકટર દ્વારા સ્માર્ટ ફોનથી કંટ્રોલ અને મોનીટરીંગ કરી શકાશે. દર્દીને આપવામાં આવતાં ઓક્સિજનની માત્રા આ મશીન ઓટોમેટીકલી દર્દીની શ્વાસ લેવાની ક્ષમતા મુજબ નક્કી કરશે અને જરૂર જણાય ઓક્સિજનની માત્રા ડોક્ટર તેમના રૂમમાં બેસીને જ મોબાઈલ દ્વારા મોનિટર કરી શકશે. આ વેન્ટિલેટર સામાન્ય રીતે એક મિનિટમાં 12 બ્રિથિંગ સાઈકલ કરશે. જોકે દર્દીની અને જરૂરિયાત મુજબ ડોક્ટર આ બ્રિથિંગ વધારી કે ઘટાડી શકશે. આ વેન્ટિલેટર દ્વારા દર્દીને આપવામાં આવતાં ઓક્સિજનનું દબાણ, ફ્લો રેટ, રેસપીરેશન રેટ, મોબાઈલ દ્વારા મોનિટર થઈ શકશે અને જો દર્દીને આપવામાં આવતાં ઓક્સિજનનું દબાણ જરૂરિયાત કરતાં વધે અથવા ઘટે તો વેન્ટિલેટર સાથે કનેક્ટ મોબાઈલમાં એલાર્મ વાગશે.

## સાધનો કિંમત અને કામગીરી

**બેગ વાલ્વ માસ્ક** :- કુદરતી શ્વાસ લેવામાં તકલીફ વાળા દર્દીને કૃત્રિમ ઓક્સિજન આપવાની જરૂર પડે તે સમયે જ બેગ વાલ્વ માસ્કને હાથથી દબાવી કૃત્રિમ શ્વાસ આપી શકાય છે. આ વેન્ટિલેટરમાં બેગ વાલ્વ માસ્ક ઓફ ઓટોમેટિક ઓપરેટ થઇ શકશે અને જરૂર મુજબ મોબાઇલથી પણ ઓપરેટ કરી શકાશે. તેની કિંમત રૂ.2500 છે.

**નોડ એમ.સી.યુ.** :- આ એક પ્રકારનું કન્ટ્રોલર છે. જેનો ઉપયોગ સ્માર્ટફોનથી વેન્ટિલેટરને કંટ્રોલ કરવા માટે થશે તેની કિંમત રૂ.250 છે.

**ડી.સી. મોટર** :- બેગ વાલ્વ માસ્કને દબાવવા અને મોટરના દબાણથી ઓક્સીજન દર્દીના ફેફસામાં જઈ શકશે. તેની કિ. રૂ.160 છે.

**મોટર કન્ટ્રોલર** :- દર્દીના ફેફસામાં પહોંચાડવામાં આવતાં ઓક્સિજનની માત્રાને વધારવા અને ઘટાડવા માટે મોટર કંટ્રોલનો ઉપયોગ કરાયો છે. તેની કિંમત રૂ.105 છે.

**ઓક્સિજન ફ્લો સેન્સર** :- આ સેન્સરની મદદથી વેન્ટિલેટરમાંથી દર્દીને સપ્લાય કરવામાં આવતા ઓક્સિજનની માત્રા જાણી શકાશે. તેની કિંમત રૂ.295 છે.

**ઓક્સિજન પ્રેશર સેન્સર** :- વેન્ટિલેટર દ્વારા દર્દીને આપવામાં આવતા ઓક્સિજનનું દબાણ જાણી શકાશે અને જો દબાણ જરૂરિયાત કરતાં વધુ અથવા ઓછું હોય તો વેન્ટિલેટરને કંટ્રોલ કરી શકાશે. તેની કિંમત રૂ.350 છે.

દિવ્ય ભાસ્કર | 09-Mar-2020 | પાલનપુર Page 1

મહેસાણા • સોમવાર, 09 માર્ચ, 2020 | દિયોદર • ડીસા | થરાદ • ધાનેરા

પાલનપુર પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીઓએ અંધજનો માટે સ્માર્ટ કેમેરા ડિવાઈસ બનાવી

# અંધજનો માટે ઉપયોગી ડિવાઈસ, કોઈપણ વસ્તુ કેમેરા આગળથી પસાર થતાં ટ્રેસ કરી ઈયરફોનથી જાણ કરશે

## 50 ફૂટ દૂરથી કોણ આવી રહ્યું છે તે કેમેરો ઓળખી પ્રજ્ઞાચક્ષુ વ્યકિતને વોઈસ આઉટપુટ આપશે

પ્રકાશ જસલેણીયા | પાલનપુર

પાલનપુર પોલીટેકનિક કોલેજના વિદ્યાર્થીઓએ અંધજનો માટે મદદરૂપ થઈ શકે એવી સ્માર્ટ કેમેરા ડિવાઈસ બનાવી છે. જે ડિવાઈસ 50 ફૂટ દૂરથી કોણ આવી રહ્યું છે તે કેમેરાથી ઓળખી વોઈસ આઉટપુટ આપશે. જે કોઈપણ વસ્તુ કેમેરા આગળથી પસાર થતાં ટ્રેસ કરી ઈયરફોનથી જાણ થશે.

પાલનપુર પોલીટેકનિક કોલેજમાં ઈલેક્ટ્રિકલ અનુસંધાન પાના નં-2



### ડિવાઈસ બનાવવા શું-શું વપરાયું

રાસબેરી પાઈ (સર્કીટ), કેમેરા, બેલ્ટ, ઈયરફોન, પાવરબેંકનો ઉપયોગ.

### ડિવાઈસ 70 વસ્તુઓને ઓળખી શકે છે

ડિવાઈસમાં વપરાયેલી પોગ્રામથી 50 ફૂટ દૂરથી ખુરશી, વિમાન, બોટલ, માણસ, ગાય, ઘોડો, બળદ, ઉંટ, વૃક્ષ, ડાયનીંગ ટેબલ, સોફા, બિલાડી, ટીવી સહિતની 70વસ્તુઓને ઓળખી અંધજનોને ઈટરફોન દ્વારા વોઈસ આઉટ પુટ આપી શકે છે.

### ડિવાઈસ 10 હજારના ખર્ચમાં તૈયાર થઈ

'હાલમાં આ ડિવાઈસ 10 હજારના ખર્ચમાં તૈયાર થઈ છે. જેમાં સર્કિટ પાછળથી 4 હજાર જેટલો ખર્ચ થયો છે પરંતુ ભવિષ્યમાં જાતે સર્કીટ તૈયાર કરી અંધજનોને વ્યાજબી ભાવે મળે તે રીતના પ્રયત્નો કરાશે. ભવિષ્યમાં ડિવાઈસમાં હાઈટેક કેમેરાનો ઉપયોગ કરી 150 ફૂટ દૂર સુધીનું જોઈ શકાય તે રીતે ડિવાઈસને વિકસાવાશે.'

# પાલનપુર સરકારી પોલીટેકનીક દ્વારા ન્યુ પાલનપુર ફોર ન્યુ ઈન્ડીયા ઈવેન્ટ યોજાઈ

વિજય એક્સપ્રેસ - પાલનપુર : સરકારી પોલીટેકનીક પાલનપુર ના એસ. એસ. આઈ. પી. સેલ. દ્વારા આયોજિત "ન્યુ પાલનપુર ફોર ન્યૂ ઈન્ડિયા" ઈવેન્ટ સરકારી પોલીટેકનીક પાલનપુર દ્વારા આયોજિત આ મેગા ટેકનીકલ ઈવેન્ટ માં સ્કૂલ અને કોલેજની ૬૨ ટીમો રેજિસ્ટર થઈ હતી, આ ઈવેન્ટ માં સ્કૂલ ના ૧૯૨ અને કોલેજના ૭૫ જેટલા એમ ટોટલ ૨૬૭ વિદ્યાર્થીઓએ અને ૫૦ જેટલા સ્કૂલ અને કોલેજ ટીચરે ભાગ લીધો હતો.

ગત રોજ સરકારી પોલીટેકનીક પાલનપુર દ્વારા આયોજિત આ મેગા ટેકનીકલ ઈવેન્ટ માં વિવિધ સ્કૂલના



વિદ્યાર્થીઓએ પાલનપુર શહેરના રોજિંદા જીવનના પ્રોબ્લેમ જેવા કે એરોમા ટ્રાફિક પ્રોબ્લેમ, ભીના અને સૂકા કચરાના નિકાલ, ખેતરમાં થતા તીડ અટેક, બ્લાઈન્ડ માણસોને રસ્તા ઉપર ચાલવામાં થતી અગવડતા, માર્કેટમાં પાર્કિંગ, ગેસ લીક થાય તો તેના બચાવ, સરળ અને સસ્તી વૉટર ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ, એમ્બ્યુલન્સ માટે બજારમાં ઝડપથી રસ્તો આપવો જેવા પ્રોબ્લેમોનુ સમાધાન વિદ્યાર્થીઓએ મોડેલ બનાવી પોતાનો આઈડિયા રજુ કર્યો હતો.

આ ઈવેન્ટ દરમિયાન બેસ્ટ ૩ સોલ્યુસનને પ્રોત્સાહિત ઈનામ રૂપિયા ૫૦૦૦/-, ૨૦૦૦/- અને ૧૦૦૦/- ના ચેક હાજર મહેમાનશ્રીઓ ચીફ ઓફિસરશ્રી, જિલ્લા ટેઝરી અધિકારીશ્રી, ડિઝાસ્ટર પ્રોજેક્ટ અધિકારીશ્રી, વિદ્યામંદિર ટ્રસ્ટ ના ડાયરેકટર અને આચાર્યશ્રી પાલનપુર ના હસ્તે વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ સાથે એનાયત કરવામાં આવ્યા હતા. તથા જે સ્કૂલ દ્વારા આ ઈવેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, તેવી ત્રણ સ્કૂલો કર્ણાવત પ્રાથમિક સ્કૂલ પાલનપુર, આદર્શ પ્રાથમિક સ્કૂલ પાલનપુર, ઈકરા સ્કૂલ ચડોતર ને ટ્રોફી અને સર્ટિફિકેટ આપી સન્માનિત

(અનુસંધાન પાન ૭ ઉપર)

...રિક્ષાર્થીઓનું મા...
...મેચ્છાઓ પાઠવાઈ



ડીસા



SSIP CELL In news channels:

1. New Palanpur for New India Technical event :

   https://www.youtube.com/watch?v=2jVTPBXoIFY&feature=youtu.be



2. Boot camp by SSIP Cell G P Palanpur

https://www.youtube.com/watch?v=iYNN19RjJuM&feature=youtu.be




3. Obstacle detecting devise prepared by students

https://www.youtube.com/watch?v=9vOafBt_-Vw&feature=youtu.be









https://youtu.be/9cAsnaaD4hQ

આજે વિશ્વ જળ દિવસ | એક દિવસમાં ઘરદીઠ 123 લિટર પાણીનો બગાડ અટકાવી શકાય છે

# ઘરે આવતા પાણીની રાહ જોઇને બેસી રહેવું ના પડે માટે પાલનપુરના છાત્રએ બનાવ્યો ઓટોમેટીક નળ

## ઘરમાં પાણી આવતાં જ એલાર્મ વાગે છે

ભાસ્કર ન્યૂઝ : પાલનપુર





પાલનપુરની સરકારી પોલિટેકનિકના વિદ્યાર્થીએ ઘરે આવતા પાણીની રાહ જોઈને બેસી રહેવું ના પડે તે માટે ઓટોમેટીક સ્માર્ટનળ બનાવ્યો છે. જે નળમાં પાણી આવતાં જ એલાર્મ વાગે છે. જેનાથી ફાયદો એ થાય છે કે, ઘરદીઠ એક દિવસમાં બગાડ થતા 123 લિટર જેટલા પાણીને બચાવી શકાય છે. આ નળ કોઈપણ પ્રકારનાં સેન્સર, મોટર, બેટરી કે ઈલેક્ટ્રીસિટી વગર જ કામ કરે છે.

ગામડામાં કે શહેરમાં પાણી આવે એ પહેલાં લોકો નળ ચાલુ કરી દેતા હોય છે અને વારે ઘડીએ નળ ચેક કરતા હોય છે. જ્યારે અચાનક પાણી આવે ત્યારે પાણીનો બગાડ થતો હોય છે. જેને લઈ પાલનપુરની સરકારી પોલિટેકનિકમાં મિકેનિકલના ફાઈનલ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધવલ પ્રકાશભાઈ નાઈએ આ સમસ્યાના ઉકેલ માટે સ્માર્ટ વોટર એલાર્મ ટેપ ડિઝાઈન કર્યો છે. ધવલ નાઈએ જણાવ્યું કે, આ સ્માર્ટ નળની અંદર પાણી આવતાં જ એલાર્મ વાગે છે અને પાણી આવ્યાની જાણ ઘરમાલિકને થઈ જાય છે. પાણી આવ્યાની તુરંત જાણ થતાં પહેલાં નળ ચાલુ રહેવાથી પાણીનો જે બગાડ થતો તે અટકી જાય છે. એક અંદાજ મુજબ રોજ ઘરદીઠ 123 લિટર જેટલું પાણી બચાવી શકાય છે. આ ઈનોવેટીવ આઈડિયા માટે શિક્ષક બ્રિજેશ પટેલ, હિરેન પટેલ, બારડ દીપેન્દ્ર અને નૈલેષ પરમારે માર્ગદર્શન આપ્યું હતું.

## સ્માર્ટનળ આ રીતે કામ કરે છે

સ્માર્ટ નળમાં ઓફ મોડ, ઓન મોડ અને એલાર્મ મોડ એમ ત્રણ પ્રકારના મોડ છે. જ્યારે નળ ચાલુ કરો ત્યારે એલાર્મ મોડ પર મુકવામાં આવે છે. જેમાં પાણી આવશે ત્યારે ઓટોમેટિક એલાર્મ વાગવા માંડશે. પાણી આવ્યા બાદ 40 સેકન્ડ એલાર્મ વાગશે. 40 સેકન્ડ સુધી કોઈ નળને સંભાળે નહીં તો 40 સેકન્ડ બાદ એલાર્મ બંધ થઈ જશે. જો પાણી ભરવું ન હોય અને એલાર્મ બંધ કરવું હોય તો નળને ઓફ મોડ પર મુકવાથી ઓટોમેટિક બંધ થઈ જશે.